સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

મતદારો મતદાન કરી-કરી પાકી ગયા છે!
અને પ્રચારક પણ બોલી-બોલી થાકી ગયા છે!
તાકી રહ્યા છે તીર 'એક રાષ્ટ્ર - એક ચૂંટણી'નું
ખૂટી કમાણી કામની, મનોમન આંકી ગયા છે!
(રહી-સહી નામના વટાવી લેવી છે?!)

હાઈકુ

બચત ખાલી ?!
વટાવી લ્યો એફડી -
કરો ચૂંટણી...

ખેલી નાખશે ?
હવે હાર્યો જુગારી ?!
છંદિરા જેમ !!

ચિંતન

વિક્ષેપશક્તિ રજસઃ ક્રિયાત્મિકા યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી ।
રાગોધ્યોડસ્થાઃ પ્રભવન્તિ નિત્યં દુઃખાધ્યો યે મનસો વિકારાઃ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

રજોગુણમાંથી ક્રિયાત્મક વિક્ષેપશક્તિ પેદા થાય છે. જેનાથી અનાદિકાળથી બધી પ્રવૃત્તિઓ થતી રહે છે. આ વિક્ષેપશક્તિમાંથી રાગ-દ્વેષ વગેરે તેમજ મનનાં દુઃખ વગેરે વિકારો પણ હંમેશા ઉત્પન્ન થાય છે.

સત્ત્વ - તમસ - રજસ ગુણો તામસી પ્રકૃતિનો તમસ ગુણ ક્રોધ અને વિકારીભાવ - વાસનાઓ આપે છે.

સત્ત્વગુણ સદાચાર - જ્ઞાનને પંથે લઈ જાય છે.

રજસ ગુણ મનને સપ્તરંગી સ્વભાવ આપી રાજસી સુખો - વિકાસો વાસનાઓ ભૌતિક સુખોમાં ભોળવી રાખે છે.

સુવિચાર

- ખેતરની રક્ષા માટે ચારે બાજુ વાડ કરી લેવામાં આવે છે તેવી જ રીતે નિજભાવ માટે નિયમારૂપી વાડ કરવી સલાહભર્યું છે - **પ્રણવાનંદજી**
- હંમેશનો દુઃખી કોણ છે - વિષયાનુરાગી - **શંકરાચાર્ય**
- માણસ જેવો 'છે' તેવો વ્યક્ત થવાને બદલે જેવો 'હોવો' જોઈએ તેવો વ્યક્ત થાય ત્યારે એના જીવનમાં દંભ પ્રગટ થાય છે - **ગુણવંત શાહ**
- મૌનથી ત્રણ બાબતોનો લાભ થાય છે ૧. ઝઘડો થતો નથી, ૨. વ્યક્તિનું ઘડતર થાય છે, ૩. શબ્દોનું મૂલ્ય સમજાય છે - **ટોલ્સટોય**
- 'જ્ઞાની' અને ત્યાગીમાં ફેર એટલો જ, 'જ્ઞાની' સંયમી હોય અને ત્યાગી નિયમી હોય. 'સિવાય સંયમ હોય નહીં' - **આમસૂત્ર**
- ત્યાગ છે તે ઉદયનું પરિણામ છે અને સંયમ એ સમજણનું પરિણામ છે - **નિરુબેન અમીન**
- આજનું ઔષધ : જાંબુનું સિંધાલૂણ સાથે સેવન કરવાથી ખંજવાળ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

વનસ્પતિમાં જીવ છે તેવું સાબિત કરનાર વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝના પિતા ભગવાનચંદ્ર બોઝ બંગાળમાં ફરીદપુર શહેરની કોર્ટમાં ન્યાયાધીશ હતા. તેઓ ગુનેગારો પ્રત્યે સન્ન વલણ અપનાવતા હતા.

એક વખત એક લુંટારાને એમણે એક વર્ષની સખત કેદની સજા ફટકારી. એ લૂંટારો ગુનેગાર ઉશ્કેરાઈ ગયો અને તેણે ન્યાયાધીશ ભગવાનચંદ્રને સજા સંભળાવી ને ધમકી આપી કે, 'તમારી સજા હું ભોગવી પણ હું જયારે જેલમાંથી છુટીશ ત્યારે તમારી સામે બદલો જરૂર લઈશ.'

ભગવાનચંદ્ર બોઝે કે પોલીસે એની ધમકીને ગંભીરતાથી લીધી નહીં પણ પેલો ગુનેગાર જેલમાંથી છૂટ્યો એના બીજા જ દિવસે ભગવાનચંદ્રનું ઘર શોધી ઘરને રાત્રે આગ લગાડી દીધી.

જો કે ભગવાનચંદ્ર તથા તેમના કુટુંબના સભ્યો ઘરની બહાર નીકળી જવામાં સફળ રહ્યા પણ તેમની નજર સામે જ તેમનું ઘર ભસ્મીપૂત થઈ ગયું. પેલા ગુનેગારને પણ આવું કર્યાનો ખૂબ પસ્તાવો થયો. તેમે ભગવાનચંદ્રની સામે પગમાં પડી માફી માંગતા કહ્યું, 'સાહેબ, મને માફ કરો. મને સજા પણ કરો.'

ભગાવનચંદ્રએ એને પ્રેમથી પૂછ્યું, 'અરે ભાઈ તારી સજા પૂરી થઈ ગઈ? તું ખરાબ કામ છોડી કેમ નથી દેતો?'

ગુનેગારે કહ્યું, 'હવે મારી છાપ જ એવી છે કે મને કોઈ કામ પર રાખતું નથી.'

ભગવાનચંદ્રએ ગુનેગારને ઘરમાં ચાકર તરીકે રાખી લીધો.

લોકકલ્યાણની યોજનાઓની ચૂંટણીલક્ષી જાહેરાત

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે એમનું પોતાનું હોમ સ્ટેટ સૌથી અગત્યનું રહ્યું છે કારણ કે એમના મુખ્યમંત્રી પદના ગાળા દરમિયાન એમણે જે વિકાસપુરુષ તરીકેની ઈમેજ ઊભી કરી એથી 'ગુજરાત મોડેલ' એ દેશ માટેનું વિકાસ મોડેલ બની રહ્યું છે. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટી સામે વિવિધ પ્રકારના પડકારો છે ત્યારે ગત લોકસભામાં જે વિક્રમજનક સફળતા સાંપડેલી એનું પુનરાવર્તન તો અશક્ય છે એની પ્રતીતિ મોદીથી લઈ પાર્ટીના પાયાના કાર્યકર્તા સુધી દરેકને થઈ ચૂકી છે. પરંતુ શક્ય એટલી વધુ બેઠકો મેળવવા અને બગડી ગયેલી બાજીને જેટલી સુધારી શકાય એટલી સુધારવાના પ્રયાસો આરંભાયા છે. આવા પ્રયાસોના ભાગરૂપે જ અગાઉ અતિવૃષ્ટિને લીધે બંધ રાખવો પડેલો વડાપ્રધાનનો પ્રવાસ થોડાક જ વખત પછી અમલી બનાવાયો અને એક જ દિવસમાં વડાપ્રધાન વાયુવેગે ગુજરાત ભ્રમણ કરી ગયા. સવિશેષ વલસાડ પંથક ખાતે યોજાયેલ કાર્યક્રમમાં વડાપ્રધાને એક લાખથી વધુ મહિલાઓને 'ઈ-ગૃહપ્રવેશ' કરાવી સરકાર સાચા અર્થમાં ગરીબલક્ષી હોવાની પ્રતીતિ કરાવી છે. કહેવાય છે કે વડાપ્રધાનના આવા કાર્યક્રમોમાં અગાઉથી પોપટપાઠ કરાવીને અસરગ્રસ્તો કે લાભાર્થીઓને લઈ આવવામાં આવે છે અને તેઓને 'સાહેબ' જે પ્રશ્ન પૂછવાના હોય તે પણ અગાઉથી જણાવી દેવાતું હોય છે. કદાચ એમ જ બનતું હોય તો પણ એક લાખ કરતાં વધુ મહિલાઓના માથે શૌચાલય સહિતનું છાપરું ઓઢાડવાનું કામ વખાણવાલાયક જ ગણાશે. વડાપ્રધાનને આવા લોક કલ્યાણકારી કાર્યક્રમોને ચૂંટણીસભામાં ફેરવી નાખવાની જૂની અને જાણીતી કુટેવ છે. એ મુજબ એમણે સો પૈસામાંથી રાજીવ ગાંધીના જમાનામાં માંડ પંદર પૈસા જ લાભાર્થીના ઘર સુધી પહોંચી શકતા જયારે મોદી રાજમાં પૂરેપૂરો રૂપિયો વચ્ચે કોઈ વચેટિયાની દખલ અંદાજી વગર લાભાર્થીને પહોંચે છે એનો ઉલ્લેખ કરી તાળીઓ પડાવી. એ માટે એમણે કોન્ફરન્સિંગ સિસ્ટમ પર લાભાર્થી મહિલા સાથે સીધો સવાલ કરીને ખાતરી પણ મેળવી. એ જ રીતે શૌચાલયનો સરખો ઉપયોગ થાય છે કેમ એનો પણ હિસાબ મેળવ્યો જેમાં 'એ જગ્યાએ ઘાસ તો નથી ભરતાં ને ? બકરી તો નથી બાંધતા ને ?' એવા રમૂજી પ્રશ્નો પણ કર્યા. મોદી પાસે વાણીનો વૈભવ છે જે બીજા નેતાઓ પાસે નથી. વળી એમની અંગત છાપ અણીશુદ્ધ નેતા તરીકેની છે. તેઓ કરોડોનો ધુમાડો પ્રવાસ પાછળ અને આવા કાર્યક્રમો પાછળ જરૂર કરતા રહે છે પરંતુ સામાન્ય પ્રજાને એની સાથે કશી લેવાદેવા નથી હોતી. ધરમપુર - કપરાડા પંથકમાં જળયોજનાનું ઉદ્ઘાટન કરીને એમણે વધુ એક છોગું એમના સાફામાં ઉમેરી દીધું છે. મહિલાઓ માટે પીવાના પાણીના જે ધાંધિયા રહ્યા કરે છે એનો ઉલ્લેખ આવી યોજનાઓથી અવશ્ય સાંપડી શકે. આ વિકાસ કાર્યોની આલબેલ મોદી માટે ૨૦૧૯ની લોકસભાની સીડી ચડવા માટેનાં પગથિયાં સમાન બની રહેશે. સવિશેષ આદિવાસી બહુલ દક્ષિણ ગુજરાતમાં ભાજપને સારા દેખાવની આશા છે કારણ કે ગત વિધાનસભાની ચૂંટણીમાં જયારે મોદી હોમલેન્ડ ઉત્તર ગુજરાત પૂરતો સહકાર નહોતી આપી શકી ત્યારે દક્ષિણ ગુજરાતે જ આબરૂ સાચવી હતી.

મૈં ઉડના ચાહતા હૂં, દૌડના ચાહતા હૂં

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

મૈં ઉડના ચાહતા હૂં, દૌડના ચાહતા હૂં,ગિરના ચાહતા હૂં, બસ રુકના નહીં ચાહતા
- યે જવાની હૈ દિવાની

વર્ષ ૨૦૧૩માં આવેલું અયાન મુખર્જી દિગ્દર્શિત અને રણબીર કપૂર અભિનિત આ પિકચર સુપરડુપર હિટ રહ્યું હતું. ફરી એકવાર હુસૈન દલાલનાં સંવાદ દર્શકોના મોઢે રમતાં થઈ ગયા હતા, અને હજી સુધી તરોતાજા જ લાગે છે. બન્ની (રણવીર કપૂર) આ સંવાદ કહે છે, ત્યારે તે જણાવવા માગે છે કે, તે જીવનમાં ચીલાચાલુ કાર્યો કરીને માત્ર જીવનનો શિષ્ટાચાર પૂરો કરવા નથી માંગતો, પરંતુ કંઈક અલગ-ભિન્ન કાર્ય કરીને મનુષ્ય જીવનને સાર્થક કરવા માગે છે, અને તેને જ જીવનધ્યેય પ્રાપ્ત કરવો છે, તે મેળવવા માટે તે ઉડવા માંગે છે, દોડવા માગે છે, ખૂબ મહેનત કરવા માંગે છે, કદાચ આ ધ્યેય પ્રાપ્તિ માટે પડવારૂપી નિષ્ફળતા પણ પ્રાપ્ત થાય છતાં તે સતત ચાલવા માગે છે, પરિશ્રમ કરવા માંગે છે, બસ કયાંક રોકાઈ જવા નથી માંગતો... નિષ્ફળતાના ભયમાં પ્રયત્ન જ ન કરવો તેવું નિરર્થક જીવન જીવવા નથી માંગતો.

આવી જ અર્થચ્છાયા ધરાવતું અવતરણ આપણા પ્રસિદ્ધ સંસ્કૃત ગ્રંથ ઐતરેય બ્રાહ્મણના શુનઃશીપ આખ્યાનની પ્રખ્યાત કાલજયી પંક્તિઓ સ્મરણમાં આવ્યા વગર ન રહે...

ચરન્ વૈ મધુ વિન્દતિ ચરન્ સ્વાદુમુદુમ્બરમ્ ।
સૂર્યસ્ય પશ્ય શ્રેમાણં યો ન તન્દ્રાયતે ચરંશ્ચરૈવેતિ ॥

અર્થાત્ ભ્રમણ કરતા મનુષ્યને મધ પ્રાપ્ત થાય છે, તેને ઉદુમ્બર જેવા સ્વાદિષ્ટ ફળ પ્રાપ્તિ થાય છે, સૂર્યની શ્રેષ્ઠતા તો જુઓ જે સતત વિચરણ કરતો હોવા છતાં આળશ નથી કરતો, તે જ પ્રમાણે તું પણ ચાલતો રહે...

કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. વહેતું જળ ઝરણાની કે નદીની સુંદરતા પામે છે, પરંતુ સ્થિર જળ ખાબોચીયું જ બનીને રહી જાય છે...

છે ને મિત્રો ! આપણા ગ્રંથોનું દર્શન, તેની તત્ત્વદંષ્ટિ કેટલી સટિક અને સરળ છે, જે વર્ષો પહેલાં કહેવાઈ ગયું છે, તે જ આજે પણ એટલું જ પ્રસ્તુત છે, અને દરેક સ્વરુપે કયાંક ને કયાંક આપણા સંસ્કૃત ગ્રંથોનું ઉચ્છિષ્ટ જ બીજા સાહિત્યોમાં જોવા મળતું આવે છે...

ઓ નદિયા ચલે, ચલે રે ધારા
ચન્દા ચલે ચલે રે તારા
તુજકો ચલના હોગા, તુજકો ચલના હોગા...

- jayuoza@gmail.com, Mo. 9898046488

કવયિત્રી પારૂલ ખખ્ખરના ગઝલ સંગ્રહનું લોકાર્પણ



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના અધ્યક્ષ ડૉ. વિષ્ણુ પંડ્યા દ્વારા કવયિત્રી પારૂલ ખખ્ખરના ગઝલ સંગ્રહનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ સાથે વિનોદ જોષી, ઉષા ઉપાધ્યાય, રમણીક ઝડપીયા વિગેરે સાહિત્યકારો દ્વારા કાવ્યપઠન કરવામાં આવ્યું હતું.

ગુજરાતી વાર્તા માસિક 'મમતા' અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે, 'વાર્તાયન પર્વ' અંતર્ગત ૮મા પર્વની બેઠક તા. ૧૯-૦૮-૨૦૧૮ ના રોજ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કૉલેજ, સેકટર-૭, ગાંધીનગર ખાતે યોજાઈ ગઈ. જેમાં ગુજરાતી ભાષાના જાણીતા સર્જક રજનીકુમાર પંડ્યા તથા અભિમન્યુ, આચાર્ય દ્વારા પોતાની મૌલિક વાર્તાઓ અનુક્રમે 'મેમરી' અને 'ચુન્ની'નું પઠન કરવામાં આવ્યું હતું. આ રજૂ થયેલ વાર્તાઓની સમીક્ષા પોતાની આગવી શૈલીમાં જાણીતા સર્જક - મૂર્ધન્ય સાહિત્યાકર ડૉ. કેશુભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે બ્રિટીશ લેખક વિ. સમરસેટ મોમ લિખિત અંગ્રેજી ભાષાની ઉત્તમ ટૂંકી વાર્તા 'મદનમોહિની'નું પઠન પ્રા. ડૉ. લીના સ્વાદિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના સંયોજક કવિ ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા આભારવિધિ અને આ કાર્યક્રમનું જીવનંત ભાવવાહી ભાષામાં સુપેરે સંચાલન કરવામાં આવ્યું હતું.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા સત્તાવાર યુ-ટયુબ ચેનલ શરૂ કરવામાં આવી, જેના પર અત્યાર સુધી અકાદમી દ્વારા બનાવવામાં આવેલી ખ્યાતનામ સર્જકોની ૧૨૦ જેટલી દસ્તાવેજી ફિલ્મો અપલોડ થઈ ચૂકી છે. આ ઉપરાંત આ ચેનલ પર અકાદમી દ્વારા આયોજિત દરેક કાર્યક્રમ, એવોર્ડ - સમારંભો વગેરેના વિડીયો અપલોડ કરવામાં આવશે, જેનાથી દેશ-વિદેશમાં સાહિત્ય - રસિકો / ભાવકોને આપણી અમૂલ્ય સાહિત્ય સંપદા સરળ રીતે સુલભ થશે.

શંભુપ્રસાદ દેસાઈ : સરકારી સેવામાં લોકસેવક

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

સરકારી સેવામાં રહેલા બહુ ઓછા લોકોને લોક સમૂહ યાદ રાખે છે. તેના અનેક કારણો પણ હોઈ શકે છે. આમ છતાં કેટલાક સરકારી અમલદારોએ પોતાની કાર્ય કરવાની વિશિષ્ટ પધ્ધતિને કારણે લોક સમૂહની સ્મૃતિમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરેલું છે. દેશ આઝાદ થયો તે પહેલા તેમજ આઝાદીનો યુગ શરૂ થયો ત્યારબાદ આવા કેટલાક ધન્યનામ અધિકારીઓના નામ સહેજે સ્મૃતિમાં આવે છે. ગુજરાતના મર્યાદિત સંદર્ભમાં વાત કરીએતો લલિતચન્દ્ર દલાલ, અનીલ શાહ, એમ. જી. શાહ તથા શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઈ જેવા અધિકારીઓએ પોતાની કાર્ય કુશળતા તેમજ નિષ્ઠાથી લોક માનસ પર પોતાની કાયમી છાપ અંકીત કરી છે. વહીવટીની આંટીઘૂંટીઓ વચ્ચે આ અધિકારીઓએ લોક કલ્યાણના ધ્યેયને નજર સમક્ષ રાખીને પોતાનું વહીવટી યોગદાન આપેલું છે. માળખાકીય મર્યાદાઓ વચ્ચે પણ તેમણે જનતા જનાર્દન માટે સુવિધા તથા સહાયના નૂતન માર્ગો કંડારેલા છે. આથીજ ઓગસ્ટ માસમાં જેમની જન્મજયંતી આવે છે તેવા શંભુપ્રસાદ દેસાઈ (જૂનાગઢ)ની સ્મૃતિ થવી સ્વાભાવિક છે. દેસાઈ સાહેબની સ્મૃતિને સંકોરતા સુખમય શંભુપ્રસાદને લીંબડી રાજયકવિ શંકરદાનજી દેથાએ ભાવથી યાદ કરેલા છે. કવિરાજ લખે છે :

સુખમય શંભુપ્રસાદ તેં
હમ-તુમ શંભુપ્રસાદ
શંકર કવિ નિત કીજીયે,
શંકર – શંભુ યાદ.

છઠ્ઠી ઓગસ્ટ, ૧૯૦૮ના રોજ ઘૂઘવતા સાગરના સાંનિધ્યમાં જૂનાગઢ જિલ્લાના ચોરવાડ ગામે જન્મેલા શંભુપ્રસાદ સાગરપેટા થઈને જીવ્યા. માતાપિતાના સંસ્કાર તો ઉજાળ્યાં પરંતુ રાજયની સેવામાં ફરજ બજાવતા અનેક અધિકારીઓ માટે નવા માપદંડો સ્થાપીને ગયાં. સત્તાધિશોની શેહ શરમમાં આવ્યા સિવાય જાતના જોખમે પણ તેમને સાચી તથા શાણી સલાહ આપી. માનવ જીવનની ગતિ ભાગ્યેજ સમથળ હોય છે. પરંતુ કટોકટીની પળોમાં જે વ્યકિત ધીરજ તેમજ દ્રઢતાથી આગળ વધતા રહે તેમનો ઉલ્લેખ ઈતિહાસના ઉજળા પાન ઉપર સ્થાન પામે છે. દેસાઈ સાહેબે પણ જીવનમાં આવાજ વાવાઝોડાનો સામનો કર્યો અને વિષમ કાળે પોતાની કર્મભૂમિ જૂનાગઢ છોડવાની તેમને ફરજ પડી. દીવાન શાહ નવાઝ ભુટોની ટૂંકી દ્રષ્ટિને કારણે જૂનાગઢ રાજયના શાસકોએ ઓગસ્ટ-૧૯૪૭ માં પાકિસ્તાન સાથે જોડાણ કરવાનું આત્મઘાતી તથા અવ્યવહારુ પગલું ભર્યું. તા.૧૫/૦૮/૧૯૪૭ના રોજ સમગ્ર દેશમાં આઝાદીનો ઉમંગ તથા ઉત્સાહની લહેર હતી ત્યારે જૂનાગઢમાં અજંપાભરી શાંતિ હતી. જૂનાગઢથી બહાર જવાનું મુશ્કેલ હતું તેવા કપરા સમયે તેઓ અનેક અડચણો વચ્ચે જૂનાગઢ છોડી અમદાવાદ ગયા. અમદાવાદ આવ્યા ત્યારે ઘર-બાર કે અન્ય મિલકતો લઈને જવું શક્ય ન હતું. સ્નેહ – સંબંધ તથા સુવાસની પાંગરેલી વેલને છોડીને હીજરતી બની રહેવાની આ પળ હતી. દેશના ભાગલાની ભયાનક વિભિષિકામાં અનેક લોકોને સહન કરવાનું આવ્યું હતું. દેસાઈ સાહેબ પણ તેમાના એક હતા. પરંતુ કટોકટીની આ ક્ષણોમાં સ્વસ્થતા જાળવીને કાર્ય કરનાર આ કર્મયોગી કસોટીમાં કંચન થઈને બહાર આવ્યા અને જૂનાગઢનો કબજો હિન્દની સરકારે લીધો. જૂનાગઢ રાજયના એક અમલદારને પણ દેશના ભાગલા સમયે કેટલી તકલીફો સહન કરવી પડી તે આશ્ચર્ય થાય તેવી છે. કંચનપ્રસાદ કેશવલાલ છાયાએ આ બધી બાબતોનું સુયોગ્ય સંપાદન કરેલું છે તે પ્રયાસ પ્રશંસાપાત્ર છે.

શંભુપ્રસાદ દેસાઈએ જાહેર વહીવટના ક્ષેત્રમાં જે ઉજવળ કામગીરી કરેલી છે તે ભવિષ્યના અનેક સરકારી અધિકારીઓ માટે પથદર્શક બની રહે તેવી છે. કુશળ વહીવટદાર તેમજ બહુશ્રુત વિદ્વાન શંભુભાઈએ સરકારી સેવામાં રહીને સંશોધનના પણ અનેક ક્ષેત્રોમાં યોગદાન આપ્યું. જૂનાગઢ રાજયની સેવાથી શરૂ કરી ભારતીય વહીવટી સેવા (આઈ.એ.એસ.) સુધીની તેમની કારકિર્દી ભાતીગળ છે. એક વહીવટી અધિકારી ઉપરાંત ઈતિહાસના મર્મજ્ઞ તેમજ વિશિષ્ટ કાવ્ય સર્જનશકિત પણ ધરાવતા હોય તેવા જૂજ દાખલાઓ હશે. કવિ શ્રી દુલા ભાયા કાગના શંભુભાઈ મિત્ર હતા. ઉપરાંત કવિ શ્રી કાગ તથા લીંબડી રાજયકવિ શંકરદાનજી દેથા દેસાઈ સાહેબની કવિત્વ શકિતની હમેશા મૂકતકંઠે પ્રશંસા કરતા હતા. ઈતિહાસના ઊંડા અભ્યાસુ દેસાઈ સાહેબે સૌરાષ્ટ્ર ઈતિહાસ સંશોધન સભાની સ્થાપના ૧૯૭૪ માં કરી હતી. સુવિખ્યાત પંડિત કે. કા. શાસ્ત્રી શંભુભાઈને સર્વસંગ્રહ જેવો સૌરાષ્ટ્રનો ઈતિહાસ લખવા માટે અંતરથી બીરદાવે છે. શંભુભાઈની ઈતિહાસ દ્રષ્ટિની મુકતમને પ્રશંસા કરતા સુવિખ્યાત સાક્ષર ડોલરભાઈ માંકડ લખે છે કે શંભુપ્રસાદભાઈની નજર માત્ર ઈતિહાસના વિવિધ સંગ્રામો ઉપર કે હારજીતના કિસ્સાઓ સુધી મર્યાદિત રહી નથી. શંભુભાઈએ તો ઈતિહાસના જે તે કાળના સાહિત્ય, સમાજ, શિલ્પ તેમજ કળાઓ બાબતમાં પણ ઐતિહાસિક જાણકારીનો ધોધ વહાવ્યો છે. છત્રાવાના કવિ શ્રી પિંગળશીભાઈ લીલા તેમની અનોખી શૈલીમાં શંભુભાઈને બિરદાવે છે.

ડગ્યા નથી ડગશે નહિ
મેરૂ તણાં મુકામ
રહેશે કાયમ હરદયમાં
શંભુ તણાં સન્માન.

જૂનાગઢ નવાબની, સૌરાષ્ટ્ર રાજયની તથા દ્વિભાષી મુંબઈ રાજય અને ગુજરાત સરકારની સેવા તેમણે જન સાધારણ તરફના સ્નેહ થકી દીપાવી જાણી. સ્વમાનના ભોગે કોઈ કામ કર્યુ નહિ. કવિઓના તેમજ પ્રજાના માનીતા આ વહીવટદાર વહીવટની એક નવી મીસાલ કાયમ કરતા ગયા. માત્ર છવ્વીસ વર્ષની વયે જૂનાગઢ રાજયની સેવામાં જોડાયેલા શંભુભાઈ પોતાના સમગ્ર સેવાકાળ દરમિયાન સમાન પ્રકારે અસરકારક તેમજ અનોખા રહ્યા. ઈતિહાસનું હેતુલક્ષી આલેખન પણ તેમની ઉજળી કારર્કિદીના એક મહત્વના ભાગ સમાન બની રહયું. ગુજરાત રાજયના જાહેર વહીવટના ક્ષેત્રમાં દેસાઈ સાહેબનું યોગદાન ચિરકાળ સુધી માર્ગદર્શક રહેશે. તેમની ઉજળી સ્મૃતિ વિસરી જવા તેવી નથી.

સત્યના પ્રયોગો વિશે પ્રયોગ વીરની કેફિયત

એક નિર્મળ સાથીએ 'આત્મકથા' જેવું ન લખવા ધ્યાન દોર્યું હતું

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજી વિશે અને તેમનાં વિચારો લખાણો વિશે ઘણું બધું લખાયું છે પણ ગાંધી સાહિત્યની ચર્ચામાં હંમેશા તેમની આત્મકથા અથવા સત્યના પ્રયોગો કેન્દ્ર સ્થાને હોય છે. તેમની આત્મકથા વિશે ખુદ ગાંધી શું કહે છે એ આપણે જાણવા અને સમજવા જેવું છે.

'સત્યના પ્રયોગો' અથવા 'આત્મકથા'ની પ્રસ્તાવનામાં મો.ક. ગાંધી લખે છે :

ચાર અથવા પાંચ વર્ષ પૂર્વે નિકટના સાથીઓના આગ્રહથી મેં આત્મકથા લખવાનો સ્વીકાર કર્યો હતો; અને આરંભ પણ કરેલો. પણ એક પાનું ફૂલ્સકેપનું પૂરું ન કરી શક્યો તેટલામાં મુંબઈની જવાળા સળગી અને મારું આદર્યું અધુરું રહ્યું. ત્યાર પછી તો હું એક પછી એક એવા વ્યવસાયોમાં પડ્યો કે છેવટે મને મારું યરવડાનું સ્થાન મળ્યું. ભાઈ જેરામદાસ પણ હતા. એમણે મારી પાસે એવી માગણી કરી કે બીજા બધા કામ પડતાં મૂકીને મારે આત્મકથા તો પહેલી જ લકી નાખવી. મેં એમને જવાબ મોકલ્યો કે મારો અભ્યાસક્રમ ઘડાઈ ચૂક્યો છે, અને તે પૂરો થતાં સુધી હું આત્મકથાનો આરંભ ન કરી શકું. મને જો મારો પૂરો સમય યરવડામાં ગાળવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હોત તો હું જરૂર ત્યાં જ આત્મકથા લખી શકત. પણ તેને પહોંચવાને હજુ મને એક વર્ષ બાકી હતું. તે પહેલાં હું કોઈ પણ રીતે આત્મકથાનો આરંભ પણ કરી શકું એમ નહોતું. એટલે તે રહી ગયું. હવે સ્વામી આનંદે ફરી પાછી એ જ માગણી કરી છે. અને મેં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ પૂરો કર્યો છે, તેથી આત્મકથા લખવા લલચાયો છું. સ્વામીની માગણી તો એવી હતી કે મારે આખી કથા લખી નાખવી પછી તે પુસ્તકાકારે છપાય. મારી પાસે એક સામટો એટલો સમય નથી. જો લખું તો 'નવજીવન' ને સારું જ લખી શકાય. મારે નવજીવન સારું કંઈક તો લખવાનું હોય જ. તો આત્મકથા કાં નહીં ? સ્વામીએ એ નિર્ણય કબૂલ રાખ્યો, અને આત્મકથા લખવાનો હવે મને અવસર આવ્યો.

પણ આ નિર્ણય કરું છું એટલામાં એક નિર્મળ સાથીએ, સોમવારે હું મૌનમાં હતો ત્યારે, મને ધીમેથી નીચેનાં વાકયો સંભળાવ્યા :

'તમે આત્મકથા શું કામ લખવાના છો ? એ તો પશ્ચિમની પ્રથા છે. પૂર્વમાં કોઈએ લખી જાણી નથી. અને શું લખશો ? આજે જે વસ્તુને સિદ્ધાંત તરીકે માનો છો તેને કાલે માનતા અટકી જાઓ તો ? અથવા સિદ્ધાંતને અનુસરીને જે જે કાર્યો આજે કરો છો તે તે કાર્યોમાં પાછળથી ફેરફારો કરો તો? તમારા લખાણને ઘણાં મનુષ્યો પ્રમાણભૂત સમજી પોતાનું વર્તન ઘડે છે તેઓ ખોટી રીતે દોરવાઈ જાય તો ? તેથી સાવધાન રહી હાલ તુરત આત્મકથા જેવું કાંઈ ન લખો તો ઠીક નહીં ?'

ગાંધીજીએ આ સંશય પ્રગટ કરનાર તેમના નિર્મળ સાથીનો નામ ઉલ્લેખ ટાળ્યો છે એમ તેમણે એમની આત્મકથા જેવું ન લખો તો ઠીક નહીં ? - નો અમલ કરવાનું પણ ટાળ્યું. ગાંધીજીને એ ભાઈની વાતની થોડી ઘણી અસર થઈ પરંતુ મારે કયાં આત્મકથા લખવી છે ? મારે તો આત્મકથાને બહાને સત્યના એમને કરેલા પ્રયોગોથી કથા લખવી છે, એમાં જ તેમનું જીવન ઓતપ્રોત હોઈ એ જીવન વૃત્તાંત જેવી થઈ જશે એ પણ સાચું છે એમ તેઓ ગણાવે છે. પણ કથામાંથી પાને પાને મારા પ્રયોગો જ નીતરી આવે તો એ કથાને હું પોતે નિર્દોષ ગણું. મારા ઘણા બધા પ્રયોગો હવે તો હિંદુસ્તાન જાણે છે, એટલું જ નહીં પણ થોડે ઘણે અંશે સુધરેલું કહેવાતું, જગત પણ જાણે છે. એની કિંમત મારે મન ઓછામાં ઓછી છે અને જે પ્રયોગોને મારફતે મને 'મહાત્મા'નું પદ મળ્યુ છે એની પણ કિંમત જૂજ જ છે એમ તેઓ સ્પષ્ટ કરે છે.

મો.ક. ગાંધીની આત્મકથા વિશે તેમની જ કેફિયતની વધુ ચર્ચા આગળના પ્રકરણમાં કરીશું.

(લેખક સમાજશાસ્ત્રના સહ પ્રાધ્યાપક છે.)